શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ISSN 2582-6409

ગુરુકુલ દર્શન

વર્ષ – ૧૨
અંક – ૧૦
ઓક્ટોબર – ૨૦૨૦

સુભગ દિવસ ઊગ્યો ભવ્ય આ નવ્ય વર્ષે, અખલ જગતમાં હો શાંતિદાતા પ્રકર્ષે;
વિમલ જીવન વાધો શ્રેષ્ઠ કલ્યાણકારી, વિષમ કલહ વિઘ્નો સર્વ નાખો વિદારી.
હૃદય સતત ભાસો શ્રીહરિ દિવ્ય મૂર્તિ, સુખદ અભય મુદ્રા પ્રેરજો નિત્ય સ્ફૂર્તિ;
અભિનવ ઉર વાધો પ્રેમ સત્સંગ પ્રત્યે, અચલ નિયમ નિષ્ઠા ધારજો સર્વ નિત્યે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

ગુરુકુલ પરિવારના વહ્વલા ભક્તજનો !

જય શ્રી સ્વામિનારાયણ !

વિક્રમ સંવત્ ૨૦૭૭ નું નૂતન વર્ષનું પ્રભાત આપ સૌના માટે સુખ, શાંતિ અને નિરામય બની રહે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

વહાલા ભક્તો ! દીપાવલીના દિવસો છે, આખી દુનિયામાં કોવિડ-૧૯ ની ભયંકર મહામારીનો અંધકાર છવાયેલો છે, એનાથી હતાશ કે નિરાશ થવાની જરૂર નથી.

'પરમાત્માની કૃપાથી આ ઘોર અંધારી રાત અવશ્ય પસાર થશે, સુખભર્યું નવલું પ્રભાત પ્રગટશે.' એવા વિશ્વાસ રૂપી આશાના દીવડાંઓને પ્રજ્વલિત રાખી આ અંધકારની સામે લડત લેતા રહીએ.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આવાં રોગાદિક આપત્કાળ પ્રસંગે પોતાની અને પારકાની રક્ષા કરવાનું કહ્યું છે, એ આજ્ઞાને અનુસરીને આપણે સાવચેતી સાથે પોતાના તથા પારકાના જીવનદીપને સુરક્ષિત રાખીએ.

સેવાઓના વિશેષ દીવડાંઓ પ્રગટાવી મહામારીગ્રસ્ત લોકોના જીવનમાં ઉજાશ પાથરીએ.

ભગવાન શ્રીસ્વામિનારાયણ આપ સર્વને નવાં વર્ષના શુભારંભે અંતરની અધ્યાત્મજ્યોતમાં શુભકાર્યના નવાં સંકલ્પોરૂપી ઘી સિંચવાનું બળ આપે.

ભગવાન શ્રીહરિના સાંનિધ્યમાં બિરાજમાન ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સંતોના આશીર્વાદ સહુ પરિવારજનો ઉપર અખંડ વરસતા રહે.

પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી વગેરે સંતો-પાર્ષદો વતી સમસ્ત ગુરુકુલ પરિવારને અમારા હેતથી...

જય શ્રી સ્વામિનારાયણ.

લિ. રુનો હાથી ના

સ્વામી માધવપ્રિયદાસ



સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૨, ઓક્ટોબર : ૨૦૨૦, અંક : ૧૦

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શ્યામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

આવો આવોને સુંદર શ્યામ...

આવો આવોને સુંદર શ્યામ, મારે ઘેર આવો રે;
મારા પૂરોને મનના કોડ,
હસીને બોલાવો રે. આવો૦ ટેક.
તમ કારણ શામળિયારે વા'લા, રહું છું મારગ જોઈ;
લોક તણી મરજાદારે મેલી,
તમ ચરણે ચિત પ્રોઈ...મારે
પ્રેમ ભરી પાતળિયારે વાલા, આવીને ઊભી છું બાર;
મંગલ થાળ ભર્યાં સગ મોતી,
વધાવાને વારંવાર...મારે
મસમસતા મંદિરિયે મોહન, આવોને સુંદર છેલ;
અંગો તે અંગ આલિંગન લઈને,
વાળોને રંગડાની રેલ...મારે
હસ્તકમળ મૂકો મારે માથે, હરોને હૈયાના તાપ;
પ્રેમાનંદના ઉર પર મોહન,
મૂકો ચરણની છાપ...મારે

એકાદશી મહાત્મ્ય

- પાર્ષદ રામજી ભગત

ભારતીય અધ્યાત્મ પરંપરામાં મનુષ્યજીવન ખૂબ જ મહત્વનું અને દુર્લભ માનવામાં આવ્યું છે. વિવેકબુદ્ધિ અથવા દૈવીબુદ્ધિના સહયોગથી મનુષ્ય ધર્મનું મહત્ત્વ ખૂબ જ સમજે છે. પોતાના ભૌતિક જીવનના અને આંતરિક જીવનના વિકાસ માટે ધર્મ આધારિત સદાચારોનું મનુષ્ય પાલન કરે છે. એ બધા આસ્તિક લોકો માટે એકાદશીનું મહા વ્રત મહા પુણ્યદાયી અને જીવનની દરેક બાબતોમાં સફળતાનો આધાર બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ઉપદેશામૃત એવા વચનામૃતમાં પણ એકાદશીની સંક્ષિપ્ત પૌરાણિક કથા અને એકાદશી વ્રતકથા વિશે ગઢડા મધ્ય પ્રકરણ ૮મા વચનામૃતમાં ખૂબ જ રસપ્રદ વાતો કરેલી છે.

એકાદશીની ઉત્પત્તિની મૂળ કથા બ્રહ્મવૈવર્ત પુરાણમાં આપણને જોવા મળે છે. પૂર્વે સત્યુગમાં ચંદ્રવતી નામની નગરીમાં નાડીજંઘ નામનો એક અસુર રહેતો હતો. તેનો પુત્ર મૂરદાનવ હતો. મૂરદાનવે હજારો વર્ષ સુધી તપ કરી બ્રહ્માજીને પ્રસન્ન કરી વરદાન મેળવ્યું, 'માતા-પિતા થકી જનમ્યા હોય તેનાથી મારું મૃત્યુ ન થાય.' બ્રહ્માજીએ એને 'તથાસ્તુ' કહી આશીર્વાદ આપ્યા.

આ મૂરદાનવ વરદાન મળવાથી અત્યંત ઉદ્ધત થઈ ઇન્દ્રાદિ દેવોની સાથે યુધ્ધ કરી સ્વયં ઇન્દ્ર બન્યો અને અન્ય અસુરોને દિગ્પાળોને સ્થાને ગોઠવી દીધા. બીજી બાજુ દેવતાઓ નિસ્તેજ થઈને આમતેમ ભટકવા લાગ્યા. અંતે બ્રહ્માજીને શરણે ગયા.

બ્રહ્માજીને પ્રાર્થના કરી. બ્રહ્માજીએ કહ્યું, "આમાં મારું કામ નથી !" તેથી બધા જ દેવો સાથે મળી ભગવાન નારાયણ પાસે ગયા, તેમને પ્રાર્થના કરી. એમની પ્રાર્થનાથી ભગવાન નારાયણે એમના ઉપર કરૂણા કરી અભયવર આપ્યો અને પોતે ચંદ્રાવતી નામની નગરીમાં ગયા અને પાંચજન્ય શંખ વગાડ્યો. તે શંખનો નાદ સાંભળી દાનવો ભયભીત થયા અને ભગવાન સાથે યુધ્ધ કર્યું.

મૂરદાનવ અને ભગવાન વચ્ચે યુધ્ધ ચાલ્યું. યુધ્ધ કરતાં કરતાં એક હજાર વર્ષ વીતી ગયા, છતાં તે મરાયો નહીં. ત્યાર બાદ જેમ કોઈ યુધ્ધ કરીને થાકી જાય અને પલાયન થઈ જાય, તેમ ભગવાન વાસુદેવ ત્યાંથી દોડતા બદરીકાશ્રમમાં સિંહવતી ગુફામાં સૂઈ ગયા. ભગવાને ગુફામાં યોગનિદ્રા સ્વીકારી.

મૂરદાનવે દોડતાં-દોડતાં જ્યાં ભગવાન પોઢ્યા હતા તે ગુફામાં પ્રવેશ કર્યો. યોગનિદ્રામાં ભગવાને વિચાર કર્યો કે, 'આ કોઈથી મૃત્યુ પામે એમ નથી, આને કોઈ બીજા વિચારથી મારવો જોઈએ.' આમ જ્યાં ભગવાન સંકલ્પ કરે છે, ત્યાં ભગવાન નારાયણની એકાદશ ઈન્દ્રિયોમાંથી એક દિવ્ય તેજનો સમૂહ પ્રગટ થયો અને તે તેજમાંથી દિવ્ય આયુધ ધારી કોઈ અતિ તપસ્વિની કન્યા પ્રગટ થઈ.

એ જ સમયે મૂરદાન પણ ત્યાં પહોંચ્યો. આ સુંદર કન્યાનું રૂપ જોઈ કામવ્યાકુળ થઈ પ્રાર્થના કરવા લાગ્યો, 'હે મુગ્ધે ! તું મને વર.'

તપસ્વિની સ્ત્રીએ કહ્યું, 'મારે એક વ્રત છે.' 'શું.' 'જે યુધ્ધમાં મને જીતે, તે જ મારો પતિ થાય.'

ત્યાર પછી બન્ને વચ્ચે યુધ્ધ થયું, મૂરદાનવ પણ શસ્ત્રો વડે અતિ ભયંકર યુધ્ધ કરવા લાગ્યો, ત્યારે ક્રોધાયમાન થયેલી કન્યાએ ખડ્ગે કરીને મૂરદાનવનું મસ્તક કાપી નાખ્યું અને કન્યા ભગવાન નારાયણને નમસ્કાર કરવા લાગી. દેવો પણ અત્યંત સંતુષ્ટ થઈ તે કન્યાને વંદન કરતા પ્રશંસા કરવા લાગ્યા.

ભગવાન જાણે કંઈ જાણતા જ ન હોય એમ એ દેવીને પૂછ્યું, "તું કોણ છે."

ત્યારે તે કન્યા કહે, "હે સ્વામી ! હું તમારા અગિયાર ઈન્દ્રિયોમાંથી ઉત્પન્ન થયેલી તમારી જ શક્તિ-વિશેષ રૂપ તપસ્વિની એકાદશી છું."

ભગવાન નારાયણ તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા, "તારા પ્રાગટ્યથી સૃષ્ટિમાં અનેરો આનંદ છવાયો છે, માટે તું વર માગ્ય."

ત્યારે એકાદશી બોલી, "હે પ્રભુ ! હું તપસ્વિની છું, એટલે મારાં વ્રતના દિવસે મન આદિ અગિયાર ઇન્દ્રિયોના આહાર કોઈ કરે નહીં અને મારાં વ્રતનું અનુષ્ઠાન કરનારાના સર્વ મનોરથ પૂર્ણ થાય, સર્વ પાપથી મુક્ત થાય તેમજ આ લોક અને પરલોકમાં સુખને પામે."

ભગવાન નારાયણે 'તથાસ્તુ' કહી આશીર્વાદ પાઠવ્યા. તે સમયે તે કન્યા અદૃશ્ય થયા અને ભગવાને આ વ્રત સૌ પ્રથમ દેવતાઓ અને બદરિનારાયણના ઋષિઓ પાસે કરાવ્યું. ત્યારથી માંડીને અદ્યપિપર્યંત આ વ્રતને મુમુક્ષુજનો અનુસરે છે.

શાસ્ત્રોમાં બીજી પણ એક સુંદર કથા છે, ભગવાનના ભક્તો જેમ ભગવાનના દિવ્ય દેહમાં નિવાસ કરીને રહે છે તેમ એકાદશીએ પણ સંકલ્પ કર્યો અને શ્વેતદ્વીપ ધામમાં તપનો પ્રારંભ કર્યો. સો વર્ષ સુધી કઠિન તપ કર્યું અને પ્રભુ પ્રસન્ન થયા અને કહ્યું, "હે એકાદશી! તમે વર માગો."

એકાદશીએ કહ્યું, "જો તમે મારી ઉપર પ્રસન્ન થયા હોય, તો લક્ષ્મીજીની પેઠે મને પણ આપનાં શ્રીઅંગમાં નિવાસ આપો." ભગવાન કહે, "મેં મારા અંગો લગભગ ભક્તોને નિવાસપણે કલ્પી દીધાં છે; જેમકે કેડથી નીચે ગરુડજીને, વક્ષઃસ્થળ લક્ષ્મીજીને, મારા બાહુઓ ચક્રાદિ આયુધોને, કર્ણ કુંડલોએ સહિત મારું મુખ સરસ્વતીએ રોક્યું છે, મસ્તક મુગટે. આ રીતે બધાં જ અંગો ભક્તોના નિવાસસ્થાન રૂપ થઈ ગયાં છે, બોલ તને કયું સ્થાન આપું?"

ત્યારે એકાદશી કહે, "પ્રભુ ! મને આપનાં નેત્રકમળમાં સ્થાન આપો."

ભગવાનો કહ્યું, "તથાસ્તુ." અને એકાદશી ભગવાન નારાયણનાં નેત્રમાં સ્થાન પામી.

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃતમાં એકાદશીનું વ્રત ભગવાનના ભક્તોએ નિરંતર કરવું જોઈએ તેવી પણ ભલામણ શ્રીજી મહારાજે કરેલી છે. આધુનિક વિશ્વમાં પૌરાણિક કથાઓને કાલ્પનિક માનીને તેની અવગણના કરવામાં આવે છે, પરંતુ હકીકતમાં આ કથાઓ આપણાં જીવનનાં ઘડતર માટે ખૂબ જ પ્રેરણાદાયક છે.

પરમ પુજય ગુરૂવર્ય શાસ્ત્રી સ્વામી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ હમણાં (તારીખ ૧૮ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર ૨૦૨૦) સંવત્ ૨૦૭૬ પ્રથમ આસો માસ-અધિક માસમાં કરેલી સત્સંગિજીવનની કથામાં ભગવાન શ્રીહરિનાં મુખે એકાદશીની ઉત્પત્તિની અને તેનું વ્રત કરવાની અતિ ઉપયોગી કથા કરેલી. કથા મૂજબ એકાદશીની ઉત્પત્તિ ભગવાન શ્રીહરિના ઇન્દ્રિયોના તેજમાંથી થયેલી છે. એટલે જે લોકો એકાદશીનું વ્રત કરે છે, તેઓ તેજસ્વી બને છે. તેમજ જે લોકો તેજસ્વી બનવા ઇચ્છે છે અથવા તો પોતાના ઇન્દ્રિયો-અંતઃકરણને ખૂબ જ તેજસ્વી બનાવવાની ઇચ્છા ધરાવે છે, તેમણે અવશ્ય શાસ્ત્રમાં દર્શાવેલ નિયમોનું પાલન કરીને એકાદશીનું વ્રત કરવું જોઈએ.

મૂરદાનવ આપણો અહંકાર છે, જ્યારે અહંકારનો નાશ થાય એટલે અહંભાવ ટળે. તો આપણી ઇન્દ્રિયો દ્વારા આપણે અધ્યાત્મનાં સૂક્ષ્મ તત્ત્વોને સમજી શકીએ. એટલે જ સદગુરુ મુક્તાનંદ સ્વામી કહ્યું છે કે 'હું ટળ્યે હરિ ઢૂંકડા'.

ખરા અર્થમાં એકાદશીના ઉપવાસનો અર્થ છે 'આ પવિત્ર દિવસે ભગવાનથી ખૂબ જ નજીક રહેવું' અને તેમાં શ્રીજી મહારાજના અમૃતવચનો આપણને સતત પ્રેરણા આપે એવા છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૩૮મા વચનામૃતમાં શ્રીજી મહારાજ સમજાવે છે કે "એકાદશીનો ઉપવાસ કરવો તેનું શું લક્ષણ છે ? તો દસ ઇન્દ્રિયો અને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવા તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય. અને એવું વ્રત તો ભગવાનના ભક્તને

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

એકાદશીનું વ્રત વિધાન અને મહિમા

- શાસ્ત્રી સર્વમંગલદાસ

વ્રત અને અનુષ્ઠાનનો હિન્દુ ધર્મમાં અનેરો મહિમા છે, વ્રિયતે ઇતિ વ્રતમ્ । જેનું વરણ (પસંદગી) કરવામાં આવે તે વ્રત. જીવ-પ્રાણીમાત્રના કલ્યાણ માટે ઋષિમુનિઓએ શાસ્ત્રોમાં અનેક પ્રકારના વ્રતોનો નિર્દેશ કર્યો છે. વર્ષના ૩૬૫ દિવસ દરમ્યાન અનેક પ્રકારના વ્રતોનું વિધાન કરેલું છે. ચાતુર્માસના દિવસોમાં વ્રત-અનુષ્ઠાનનું વિશેષ વિધાન કરવામાં આવ્યું છે, એમાં પણ અધિક માસમાં તો દરેક દિવસના વ્રતવિધિ નારદપુરાણ આદિ શાસ્ત્રોમાં દર્શાવવામાં આવ્યા છે.

અધિકસ્ય અધિકં ફલમ્ । એ લોકન્યાય પ્રમાણે અધિક માસમાં કરેલ ભજન, જપ, તપ, વ્રત-અનુષ્ઠાનનું અધિક ફળ મળે છે. ગમે તેવી ફળદ્રુપ જમીન હોય પણ બુદ્ધિશાળી ખેડૂત સમય પારખીને ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે ત્યારે ખેતરમાં વાવેતર કરે છે અને મબલક પાકની કમાણી કરે છે. એવી જ રીતે અધિક માસ જેવા ઉત્તમ સમયે જપ-તપ, વ્રત-અનુષ્ઠાન કરી શ્રદ્ધાવાન અનેકગણું પુણ્ય કમાય છે. અધિક માસ એ પુણ્ય કમાવાની ઋતુ છે. સતત ત્રણ વર્ષથી દુષ્કાળ પડ્યો હોય અને ત્રણ વર્ષ પછી અનરાધાર વરસાદ વરસવાથી જીવસૃષ્ટિને જે આનંદ થાય, એવો જ આનંદ ત્રણ વર્ષે આવતા પુરુષોત્તમ માસમાં મુમુક્ષુ જીવાત્માઓને થાય છે. અધિક માસમાં પુણ્યપ્રાપ્તિ અને આત્મકલ્યાણ માટે વ્રતાનુષ્ઠાન કરવાનો દરેક મુમુક્ષુના અંતરમાં અનેરો ઉત્સાહ હોય છે.

સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનમાં વ્રતનો વિશેષ મહિમા કહ્યો છે.

બ્રહ્મચારી ગૃહસ્થો વા વનસ્થો વાથ ભિક્ષુકઃ ।
કૃત્વા વ્રતાન્યવાપ્નોતિ વૈષ્ણવં પદમવ્યયમ્ ॥(૨-૪૬-૨૧)

બ્રહ્મચારી, ગૃહસ્થ, વનવાસી કે ભિક્ષુક જે કોઈ વ્રતનું અનુષ્ઠાન કરે તેને પરમપદની પ્રાપ્તિ થાય છે.

અધિક માસની એકાદશીના વ્રતનો ખૂબ મહિમા છે. ત્રણ વર્ષની બધી જ એકાદશીનું વ્રત કરવાથી જે ફળ મળે એ અધિકમાસની એકાદશીનું વ્રત કરવાથી પ્રાપ્ત થાય છે, એનો અર્થ એવો નથી કે માત્ર અધિકમાસમાં જ એકાદશીનું વ્રત કરવું !

એકાદશી વ્રતની પાછળ શું ઐતિહાસક કથા છે ? એકાદશી વ્રત કેવી રીતે કરવું ? આ વ્રત કરવાથી શું લાભ થાય ? અને ન કરવાથી શું હાનિ છે ? આ બધી બાબતોનો સ્પષ્ટ નિર્દેશ સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનના તૃતીય પ્રકરણમાં ૩૧થી ૩૯ સુધી નવ અધ્યાયમાં કર્યો છે.

ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં સ્વયં શ્રીજી મહારાજે એકાદશીના વ્રતનું આચરણ અને પ્રવર્તન કર્યું છે.

એકાદશીના વ્રતનો વિધિ :

મોટા ભાગે એકાદશીના વ્રત માટે લોકોના મનમાં માત્ર ઉપવાસની ધારણા હોય છે, પરંતુ શ્રીજી મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના આઠમા વચનામૃતમાં વ્રતનો વિધિ બતાવતા કહે છે કે, 'એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહીં અને દેહે કરીને કાંઈ ભૂંડું આચરણ કરવું નહીં...એકાદશ ઇન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય...ભગવાનની કથા-કીર્તનાદિકને કરે ને સાંભળે ને રાત્રિએ જાગરણ કરે, તો તે વ્રત સાચું છે.'

એકાદશીના દિવસે આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો, વાણી, હાથ, પગ, પાયુ અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું મન એ એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરવો.

પશુ ખીલે બાંધ્યું હોય અને દૂર લીલું ઘાસ મૂક્યું હોય, તો તે ઢોરનું મન સતત ઘાસ ખાવા માટે લલચાતું હોય પણ દેખાવા છતાંય મળે નહીં ને મૂંઝાઈને ભૂખ્યું રહે તેમ કેટલાક ઉપવાસી ભક્તોને સત્સંગની લાજે કરીને, પરિવારની શરમેધરમે, ઘરમાં અનાજ રંધાયું ન હોય

એટલે કરવા ખાતર સરકારી નિયમની જેમ ઉપવાસ કરે, પણ એનું મન તો આખો દિવસ ભોજનનું જ ચિંતવન કરતું હોય અને મનમાં એ જ રટણ ચાલતું હોય કે ક્યારે સવાર પડે ને ક્યારે પારણાં થાય ! કેટલાક તો એકાદશીની મધરાતે વ્રતપૂર્તિ કરીને રાતોરાત પારણાંનો વિધિ પતાવતા હોય છે !

એકાદશીની રાત્રિએ કથા-કીર્તન કરી જાગરણ કરવું પણ વિડીયો ગેમ્સ રમીને કે મુવી-સિરીયલો જોઈને ઉજાગરો ન કરવો. કેટલાક વ્રતધારીઓ તો આખી રાત બાવન પત્તાં રમીને રાત્રિ પસાર કરતા હોય છે. સારું છે કે ઓલમ્પિકમાં બાવન પત્તાની રમતને સ્થાન નથી અપાયું, નહીંતર આવા ઉજાગરા કરનારા જ ગોલ્ડ મેડલ લઈ જાય !

પરમ પૂજ્ય ગુરુવર્ય પૂજ્ય સ્વામી ઘણી વાર કથાપ્રસંગે હસતાં-હસતાં કહે છે કે, કેટલાક ભક્તોને તો એકાદશીના દિવસે મંદિરે દર્શને આવે, તો મંદિરનાં પગથિયાંની ઓરસ-ચોરસ ડીઝાઈનમાં મોહનથાળના ઢેફલાં દેખાય !

એકાદશીના વ્રતના દિવસે નીચે મુજબના વિધિ-નિષેધનું પાલન કરવું.

- વ્રતના દિવસે ભગવાનનું વિશેષ પૂજન કરવું.
- અન્નની સુગંધ ન લેવી, વર્ણન ન કરવું, દૃષ્ટિ માંડીને જોવું નહીં અને મનમાં ચિંતવન પણ ન કરવું.
- ઈન્દ્રિયોને ક્ષોભ ઉત્પન્ન કરે એવો ફલાહાર ન કરવો.
- બ્રહ્મચર્યનું પાલન કરવું.
- કોઈ પણ કારણસર રડવું નહીં.
- ક્રોધ ન કરવો.
- કોઈ સાથે વાદ-વિવાદ કે ક્લેશ ન કરવો.
- દિવાનિદ્રાનો ત્યાગ કરવો.
- ગ્રામ્યવાર્તા ન કરવી.
- કોઈને તાડન ન કરવું.
- અપશબ્દો ન બોલવા.
- વ્રતના દિવસે નખ-કેશ કાપવા નહીં.
- એકાદશીએ અન્ન જમે તે કોળિયે કોળિયે પાપ ખાય છે.
- એકાદશીના વ્રતમાં વૃદ્ધાવસ્થાને લીધે અશક્ત, ગંભીર માંદગીથી ગ્રસ્ત કે નાના બાળકને બાધ નથી.

જળપાન, કંદમૂળ, ફલાહાર, દૂધપાન, વ્રતને અનુરૂપ હવિષ્યાન્ન, બ્રાહ્મણે પ્રમાણિત કરેલ ભોજન, ગુરુવચને સ્વીકારેલ પ્રસાદ અને ઔષધ આ આઠથી એકાદશીના વ્રતનો ભંગ થતો નથી.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ હરિલીલામૃત ગ્રંથમાં લખે છે,

સભામાંહી બોલ્યા ભગવંત,
સુણો સહુ સત્સંગી ને સંત ।
વ્રત એકાદશી સૌએ કરવું,
કાંઇ ખાવાનું મુખમાં ન ઘરવું ॥

એકાદશીના દિવસે સશક્ત પુરુષોએ નિર્જળા, સજળા કે ફલાહાર કરીને પણ આદર થકી ઉપવાસ કરવો. ઉપવાસ શબ્દનો અર્થ છે, ઉપ એટલે સમીપે અને વાસ એટલે નિવાસ. ભગવાનની સમીપે વાસ એટલે ઉપવાસ. જે આપણને વિષયોથી વિરક્ત કરી ભગવત્ સન્મુખ કરે તે ઉપવાસ.

જ્યારે બે દિવસ એકાદશીની તિથિ આવે ત્યારે બીજી એકાદશીએ વ્રત કરવું.

શ્રીજી મહારાજ કારિયાણીના દસમા વચનામૃતમાં કહે છે, 'તપ કર્યા વિના જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ, માટે તપે કરીને ભગવાનને રાજી કરવા.'

જો શરીર નકોરડો ઉપવાસ કરવા સમર્થ ન હોય તો ફરાળ કરવું. મૂળ તો 'ફલાહાર' શબ્દમાંથી અપભ્રંશ થઈને 'ફરાળ' શબ્દ પ્રચલિત થયો છે. ઉપવાસ કરવા અશક્ત પુરુષો માત્ર ફળ જમીને એકાદશીનું વ્રત કરતા, પણ સાંપ્રત સમયે તો ઘણાને એકાદશ વાનગીઓથી પણ માંડ માંડ એકાદશી પસાર થતી હોય છે ! કેટલાકને તો ચાલુ દિવસ કરતા એકાદશીનું મેનુ વધી જાય ! એકાદશી

પંદર દિવસે એકવાર આવે તોય ઘણા પ્રસાદપ્રેમી ભક્તો નિસાસા નાખતા હોય ! ઘણાને એકાદશીની આગલી રાતથી મનમાં એકાદશીના ભણકારા ભૂકંપની જેમ વાગવા લાગે ! આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ હરિલીલામૃતમાં લખે છે,

સુણે એકાદશી તણું નામ,
જાણે બળબળતો દીધો ડામ;
જ્યારે રાત દશમ તણી થાય,
હાડકાં તો નરમ થઇ જાય.

એકાદશી વ્રતનો મહિમા :

બધા જ વ્રતોમાં એકાદશીના વ્રતનો અનેરો મહિમા છે. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ હરિલીલામૃતમાં એકાદશીના વ્રતનો મહિમા વર્ણવતા લખે છે, **કરે તપ જપ તીર્થ અનેક,**
કરે એકાદશી વ્રત એક;
ફળ જેનું બરાબર થાય,
એવો મોટો એનો મહિમાય.

શ્રીજી મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં કહે છે, 'ગંગાજીનું પાણી અને બીજું પાણી સરખું નથી, એકાદશીને દિવસે ભૂખ્યા રહ્યા ને બીજે દિવસ ભૂખ્યા રહ્યા તે સરખું નથી.'

શ્રીજી મહારાજની આ વાત આજની ભાષામાં સમજવી હોય તો અમેરિકાનો એક ડોલર અને ભારતનો એક રૂપિયો, લંડનનો એક પાઉન્ડ અને ભારતનો એક રૂપિયો તે સરખા નથી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, આ લોકમાં એક ઉપવાસ કરે અને બદરીકાશ્રમમાં સો ઉપવાસ કરે અને શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કરે, એ સર્વેનું ફળ બરાબર થાય.

કદાચ કોઈને આ વાત ન મનાય પણ જેમ એક ડોલરના ૭૩ રૂપિયા અને એક પાઉન્ડમાં ૯૫ રૂપિયા સમાયેલા છે, એમ પૃથ્વીલોકની પુણ્યભૂમિમાં કરેલું એકાદશીનું વ્રત બીજા ધામોમાં કરેલ વ્રતો કરતા અનેકગણું ફળ આપનારું છે.

એકાદશીનું વ્રત કરનારને અનેક અશ્વમેધ યજ્ઞ અને રાજસૂય યજ્ઞ કરવા સમાન ફળ મળે છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં એકાદશીનો મહિમા વર્ણવ્યો છે,

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે,
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે...

સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીમદ્‌સત્સંગિજીવનમાં કહ્યું છે કે,

तपस्विनो गृहे नित्यं लक्षं यस्य च भुञ्जते ।
षष्टिवर्षसहस्राणि तस्य पुण्यं तु यद्भवेत् ॥
एकादशीव्रतेनैव तत्पुण्यं प्राप्नुयान्नरः ।
स्वधर्मदृढनिश्चयश्च वासुदेवपरायणः ॥ (સ.જી.૩-૩૧-૨૧,૨૨)

સાંઈઠ હજાર વર્ષ સુધી દરરોજ એક લાખ તપસ્વીઓને જમાડવાથી જે પુણ્ય થાય, તે પુણ્ય ધર્મનિષ્ઠ અને ભગવત્પરાયણ મનુષ્યને એકાદશીના વ્રતથી પ્રાપ્ત થાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ ઉપવાસ એ શ્રેષ્ઠ ઉપચાર છે. નાના-મોટા ધંધા-રોજગાર કરનાર કર્મચારીને અઠવાડિયામાં એક વાર કામથી આરામ મળે તો હાશકારો અનુભવે છે, શાળા-કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અઠવાડિયે રવિવારની એક રજા આવે ત્યારે મજા આવે છે, એમ આપણાં પાચનતંત્રને પણ પંદર દિવસે એક વાર રજા આપવાથી શરીરનાં ઘણાં યંત્રો-તંત્રોને આરામ મળે છે અને તે રિચાર્જ થઈ જાય છે. આરોગ્યની દૃષ્ટિએ ૧૫ દિવસે એક ઉપવાસ ખૂબ જરૂરી છે.

સમજુ સાધક વિચાર કરે કે જો પ્રારબ્ધવશાત્ કોઈ ભિખારીને ઘરે જન્મ મળ્યો હોત તો કાયમ ઉપવાસ જ થાત. દુનિયામાં જેટલા લોકો ભૂખે નથી મર્યા એટલા ખાઈખાઈને મર્યા છે.

ઇન્દ્રિયોના આહારને સંયમિત કરવાથી ઇન્દ્રિયોનું તેજ વધે છે, જેનું પ્રસિદ્ધ દૃષ્ટાંત ધૃતરાષ્ટ્ર પત્ની ગાંધારીનું છે; ગાંધારીએ આખી જિંદગી આંખે પાટા બાંધી ઇન્દ્રિયોનો સંયમ રાખ્યો, તો દૃષ્ટિમાત્રથી દુર્યોધનને વજ્રનો કરી દીધો, પછી તે કેડ્યે કાચો રહી ગયો એ તો એની મૂર્ખાઈનું પરિણામ હતું.

ઘણા લોકોએ એકાદશી માટે ઓવરફ્લાય બનાવ્યો હોય છે. એકાદશી ઉપરથી જતી રહે, ઘરમાં પ્રવેશ જ ન કરે ! મંદિરોમાં એકાદશીના આગલા દિવસે બોર્ડ લગાવવામાં આવે કે, **Tomorrow Is Ekadashi** છતાં પણ કેટલાક ભૂલકણા દર્શનાર્થીઓને ભૂલાઈ જાય એટલે પાછું એકાદશીના દિવસે બોર્ડ લગાવવામાં આવે **Today Is Ekadashi !**

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ તો કરોડ ગૌદાન કરતાં પણ એકાદશીના વ્રતનો વિશેષ મહિમા ગાયો છે,

કોટિક ગૌ કેરા દાન કરે પણ ના'વે તોલે એના લવની,

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

એકાદશી

સ્વાસ્થ્ય અને ફિઝીકલ ફીટનેસ માટે પૂર્વજોએ આપેલ પ્રોટોકોલ

- ઘનશ્યામભાઇ ગઢવી

પ્રાચીન ધર્મોની શરૂઆત ભય પ્રેરિત હતી. પાંચ-છ મહિના અવિરત પડતો વરસાદ, ઓગળતા હીમખંડો, સૂસવાટા મારતા વાવાઝોડા, તોફાનો કે ફુદરતી દાવનળમાં સ્વાહા થતી વન્ય સંપદાઓ અને આદિમાનવો. નરી આંખે ન દેખાતા આ અસ્તિત્વોને સુપ્રિમો કે દેવ સ્વરૂપે સ્થાપિત કરાયા. જલ, અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ પંચ મહાભૂતોને માણસ પૂજતો થયો. ખુલ્લા આકાશ નીચે જીવતો માણસ આ તત્ત્વોના પ્રકોપથી બચવા ગુફામાં વસ્યો. બધા માટે ગુફા પર્યાપ્ત નહોતી એટલે વાંસ-ઘાસનાં ઝૂંપડાં કર્યા. તેમાંથી ઘર, હાઉસ, કોટેજ, વિલા, હવેલી, મહાલય અને ગગનચૂંબી ફ્લેટો સુધીની માનવ જાતિની યાત્રા... તે સભ્ય સંસ્કૃત બન્યો.

પ્રાણીઓના શિકાર કરીને કાચું માંસ ખાતા માનવીને જંગલના દાવાનળમાં શેકાયેલા પ્રાણીઓનાં માંસનો સ્વાદ ગમ્યો હશે, તે રાંધતા શીખ્યો. અગ્નિમાં હોમાતા પ્રાણીઓને નવાં સ્વરૂપે વેદિકાઓ સ્થાપી થોડાં કર્મકાંડ સાથે યજ્ઞ સાથે જોડીને ભય પ્રેરનાર દેવતાઓને બલિદાન રૂપે માણસ આપવા લાગ્યો.

રાંધતા શીખ્યો, ખેતીની ખબર નહોતી એટલે સ્વમેળે ઊગેલાં ધાન્ય, પાળતુ પશુઓનાં દૂધનો ઉપયોગ કરીને સાત્ત્વિકતા અનુભવવા લાગ્યો હશે. હિંસા અને અહિંસા વચ્ચેના ભેદને પામ્યો. કંદમૂળ ખોદીને અને વહેતા જળાશયોનાં પાણીનો ઉપયોગ માણસ જીવનનિર્વાહ માટે કરતો થયો.

ક્રમિક રીતે વિકાસ પામતા આદિ માનવની યાત્રા ભૂખ અને પ્રજનન પૂરતી સિમિત હતી. સુસંસ્કૃત કે સભ્ય સમાજ સુધી પહોંચતા એને યુગો લાગ્યા. પહેરવેશ, શિક્ષણ, સ્વાદિષ્ટ ભોજન એને નસીબ બન્યું.

અનેક વ્યંજનો, રસોઈકળા, ખાદ્ય પદાર્થો અને પીણાંઓમાં એ માહેર થયો. અકરાંતિયાપણાના કારણે અતિરેકને લીધે તેની તંદુરસ્તી જોખમાણી હશે. સ્થૂળતા, આળસ કે નામ નહોતા એવા રોગોનો તેને અનુભવ થયો. ખાનપાનમાં નિયમો આયુર્વેદે આપ્યા. શું ખાવું ? ક્યારે ખાવું ? કેટલું ખાવું ? એના સૂક્ષ્મ અવલોકનો અને રોજીંદી દિનચર્યાઓ ઉપર ધ્યાન રખાયું. નિયમો બાંધ્યા.

ઋતુઓ, સમય, દેશકાળ, અવસ્થા અને પ્રકૃતિ મુજબ ઔષધો તૈયાર થયાં. અંતે એવું સમજાયું કે માનવીને દિનચર્યા એવી રાખવી કે તેને ઔષધો તરફ જવું ન પડે. પરિણામ - વ્રતો અને વિશેષ દિવસો.

માણસ એમ સીધું થોડું માને ? એટલે ઋષિપરંપરાએ ધર્મનું શરણ લીધું. માણસને પુણ્યનું પ્રલોભન અને માહાત્મ્ય આપ્યું. એકટાણા, ઉપવાસ અને એકાદશી દ્વારા માણસે ફૂડ હેબિટનો પ્રોટોકોલ અપનાવ્યો.

અગિયારનો અંક આપણે ત્યાં શુભ માનવામાં આવે છે. એક મહિનાના ત્રીસ દિવસ, તેને દશ દશના અંકમાં વહેંચવામાં આવ્યા. વર્ષના દરેક અગિયારમા દિવસે ઉપવાસ કરીને આંતરડાં, હોજરી અને અન્ય અવયવોને આરામ આપ્યો. 'કંઈ જ નહીં અથવા માત્ર થોડું' ગ્રહણ કરીને દિવસ વિતાવવો. પારણાં ન થાય ત્યાં સુધી પુરા ત્રીસ કલાક આપણી ડાયેર્ટીંગ સિસ્ટમ (ચયાપચય)ને પૂર્ણ આરામ મળે છે. નવી ઊર્જા સાથે બીજા દશ દિવસ માટે કાર્યરત થાય છે. સૃષ્ટિ પરની દરેક વ્યવસ્થા સારી રીતે ચાલે એટલા માટે આરામ અને સમયગાળો ખૂબ જ જરૂરી છે.

પ્રાકૃત માણસ ખેતી નહોતો કરતો. ઊગેલાં ઘાસના રોપા પર ઊગેલા ડૂંડા અને ઝીણાં ધાન્ય, રાજગરો, સામાને એકઠા કરીને ખાતા શીખ્યો. દૂધ તો હતું જ. પ્રાકૃતિક રીતે ઉપલબ્ધ વસ્તુઓને આપણે ફરાળ તરીકે ઓળખતા થયા. તે લેવામાં વાંધો નહીં તે નિયમ થયો.

આગલા દિવસે દાબીને ખાવું, તીખી-તળેલી વેફર, કોળા-બટેટાના શાક, અવનવી મીઠાઈઓ, રાત્રે દૂધ, આખા ઘરને ખડા પગે રાખે એવી એકાદશી રાખનાર માટે શાસ્ત્રો કે ઋષિપરંપરા મૌન રહ્યા છે.

વિશ્વના દરેક ધર્મોએ ફાસ્ટ (ઉપવાસ)ના મહિમા અને મહત્વ ઉપર ધ્યાન આપ્યું છે. કંઈ પણ સાધ્ય કરવા માટે શરીર તુંદુરસ્ત હોવું ખૂબ જ જરુરી છે. હવે તો આપણે બધા જાણીએ છીએ કે વિશ્વમાં જેટલા ભૂખથી નથી મરતા તેનાથી અનેકગણા અકરાંતિયા લોકો મરે છે.

ભારતના અવતાર પુરુષના ભાગે આવેલી ગીતાજીમાં માણસના ખાન પાન માટે ચૌદ શ્લોકો આપ્યા છે, જે જીવનશૈલીને યમ-નિયમમાં રાખવાનું શીખવે છે. વાસ્તવમાં ભૂખ્યા પેટે ભગવાન ન ભજાય, આવું બોલનારને કહીએ કે ઉપવાસની અવસ્થામાં પ્રાણની ગતિ ધીમી પડે છે. જે તમારી સાધના, ધ્યાન, પ્રાણાયામમાં પૂરક બને છે. માત્ર પ્રવાહી લેવાથી આકાશ તત્ત્વ વધે છે, જે તમારા વિચારોને ઉર્ધ્વગામી બનાવે છે.

વાસ્તવમાં દરેક ધર્મનો મર્મ માણસને એક ઊંચાઈ તરફ લઈ જાય છે. સર્વે સુખીનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામય - ઉપનિષદે આપેલા આ બોધને એકાદશીને સાચા અર્થમાં સમજીને સાર્થક કરી શકીએ. ■

અનુસંધાન પાના નં. ૦૮ ઉપરનું

આજ એકાદશી ઉત્સવની.

વૃંદાવનમાં ધર્મદેવ, ભક્તિમાતા અને ઋષિઓએ ભગવાનને પ્રસન્ન કરવા વ્રત-અનુષ્ઠાન કર્યાં ત્યારે વૈશાખ સુદી મોહિની એકાદશીના દિવસે ભગવાને દર્શન દીધાં હતા. નીલકંઠ વર્ણીએ પુલહાશ્રમમાં ચાર મહિના તપ કર્યું ત્યારે કારતક સુદિ પ્રબોધિની એકાદશીના દિવસે સૂર્યનારાયણે દર્શન દીધેલાં. શ્રીમદ્ સત્સંગિજીવનના રચયિતા સદ્‌ગુરુ શતાનંદ સ્વામીને કારતક સુદિ પ્રબોધિની એકાદશીના દિવસે બદરીકાશ્રમમાં નરનારાયણ ભગવાને દર્શન દીધાં હતાં.

નીલકંઠ વર્ણી જ્યારે વન-વિચરણ પૂર્ણ કરી લોજ પધાર્યા ત્યારે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને પત્રમાં લખતાં જણાવે છે કે,

ચાંદ્રાયણ એકાદશી લહી, સર્વે વ્રત કરું છું હું સહી.

આવો એકાદશીનો અદ્‌ભૂત મહિમા છે, માટે સૌકોઈએ આત્મકલ્યાણ માટે અને પ્રભુપ્રસન્નતા માટે આદર થકી એકાદશીનું વ્રત કરવું જોઈએ. ■

અનુસંધાન પાના નં. ૦૫ ઉપરનું

નિરંતર કરવું. અને એવી રીતે જેનું મન નિર્વાસનિક ન હોય ને દેહે કરીને તો વ્રત-તપ કરે, તો પણ તેનું અતિશય સારું થતું નથી.''

શ્રીજી મહારાજ અતિશય ઉપવાસી બની જવાનો પણ દૂરાગ્રહ રાખતા નથી, તેમજ અત્યારે આપણે જે ફરાળ નિમિત્તે વિવિધ વાનગીઓ આરોગીએ છીએ તેનું પણ પ્રતિપાદન કરતા નથી. માત્ર સમજણપૂર્વક પોતાના ઈન્દ્રિયોને અને ખાસ કરીને મનને નિયમનમાં રાખવાનો અભ્યાસ સતત કરવાની પ્રેરણા આપે છે. અર્થાત્ એકાદશી વ્રત એટલે પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય સહિત મનને કેળવવાની એક દિવસની તાલીમ, જેનો ભગવાનના ભક્તોએ દરરોજ અભ્યાસ કરવો જોઈએ.

એ જ રીતે ગઢડા મધ્ય પ્રકરણ ૮મા વચનામૃતમાં શ્રીજી મહારાજ એકાદશીની ઉત્પત્તિ કથા કહીને ધર્મશાસ્ત્રનો ઉલ્લેખ કરીને કહે છે કે, ''એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ-ક્રોધ-લોભ આદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહીં અને દેહે કરીને ભૂંડું આચરણ કરવું નહીં, એમ શાસ્ત્રમાં વચન છે. અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે, 'એકાદશીને દિવસ ઢોરલાંઘણ કરવી નહિ.' આ ઢોરલાઘણ એટલે શું ? તો 'આખો દિવસ ભૂખ્યો રહે અને એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે તે એકાદશી સાચી. પરંતુ જો ઈન્દ્રિયોને વિષયમાં મોકળી મૂકી દે, તો તેને ઢોરલાંઘણ કહેવાય.'

આ વ્રતના દિવસે શ્વેતદ્વીપના મુક્તોને અંતરમાં આદર્શ રાખીને હિંમત સહિત આ વ્રત કરવું. સમગ્ર દિવસ દરમિયાન ભગવાનના કથા-કીર્તન કરવા, સાંભળવા, રાત્રે જાગરણ કરવું. એ રીતે આ વ્રત થાય, ત્યારે તે ખૂબ જ ફળદાયી બને છે. અન્યથા ઢોરલાંઘણ કરવાથી એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે થતું નથી.

આવી સરસ સમજણ શ્રીજીએ વચનામૃતમાં આપેલી છે, તેની આપણે શ્રીજીમહારાજના આશ્રિત તરીકે હંમેશાં સ્મરણમાં રાખીને એકાદશીનું વ્રત કરવાનું પૂરો પ્રયત્ન કરવો જોઈએ.

શ્રીજી મહારાજના આશ્રિત તરીકે જે લોકો પંચવર્તમાનનું નિત્ય-નિરંતર પાલન કરે છે, તેમજ દરરોજ સાયંપ્રાર્થનામાં સમૂહમાં બોલાતી સ્તુતિ 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ'માં દર્શાવેલા અગિયાર નિયમોનું પાલન કરે છે, તેઓ નિત્ય-નિરંતર એકાદશી વ્રત કરવા માટે યોગ્યતા-અધિકાર ધરાવે છે. ■

स्वर्णिंगुजराते संस्कृतस्य योगदानम्

यथा सुवर्णं सर्वधातुप्रधानं
तथा गुर्जरं राजते राज्यवृन्दे।
यशोगीतिगीत्यै समाराधितेऽस्मिन्
अहं भारती योगदाने ब्रवीमि ॥

यथाऽवसरप्राप्ते प्रातःकाले आदित्यः रात्रिकृतं तिमिरं दूरीकृत्य समुदेति, यथा च नवपल्लवितवृक्षः यथासमयं फलप्रदः भवति, तद्वत् अयं कालः गुजरातस्य कृते सुवर्णकालः। यतो हि अस्मिन् समये सर्वेऽपि गुर्जरप्रांतीयाः स्वर्णिंगुजरातनिर्माणे निरताः वर्तन्ते। तत्रादौ स्वर्णिंगुजरातस्य केचन संकल्पाः एवं वर्तन्ते यत्-

गुजरातस्य आर्थिकविकासः, सामाजिकविकासः, स्त्रीणां गौरवहानिकारकव्यवहारत्यागः, एकतायाः समर्थनं तद्रक्षणञ्च, प्रादेशिकधार्मिकभेदेभ्यः परं स्थित्वा, समस्तगुर्जरप्रांतीयेषु समानबन्धुत्वभावनायाः वृद्धिः, प्राकृतिकपर्यावरणरक्षा तत्सुधारणा च सर्वेषां कर्तव्यं भवेत् इत्यादि।

तत्र स्वर्णिंगुजरातनिर्माणे संस्कृतस्य किं योगदानम् ? तत्रादौ किन्नाम संस्कृतम् ? संस्कृता परिष्कृता व्याकरणनियमपरिशुद्धा विज्ञाननिकषोपलपरीक्षिता च या भाषा सा संस्कृतभाषा इति। संस्कृतमेव संस्कृतेः जननी। संस्कृतगौरवभूते ऋग्वेदे एव वर्णितं यत्- "सा प्रथमा संस्कृतिर्विश्ववारा" इति। यथा "बहुरत्ना वसुंधरा" तद्वत् बहुफलप्रदः अस्माकं संस्कृतवाङ्मयाकाशः। तेन च वयं बह्वर्थकाः भावाः। संस्कृतवाङ्मयाकाशात् पतितेभ्यः बीजेभ्यः एव अस्माकं स्वर्णिंगुजरातस्य औत्कृष्ट्यं वैशिष्ट्यञ्च दरिदृश्येते। संस्कृतभाषा देवभाषा। अर्थात् अस्यां भूमौ ये देवसदृशाः वर्तन्ते, तेषामेव एषा भाषा, न तु केवलं स्वर्गस्थानां देवानाम्। अतः स्वर्णिमगुजरातनिर्माणे अस्माभिः सर्वैरपि देवसदृशैः भाव्यम् इत्येव संस्कृतस्यादेशः।

अस्माकं समाजोपरि कर्तव्यस्य प्रगाढप्रभावो दरीदृश्यते। यावत् पर्यन्तं समाजे सर्वेऽपि जनाः स्वकर्तव्यपालनं न करिष्यन्ति, तावत् समाजस्य उन्नतिः अशक्या एव। यदि वयं स्वर्णिंगुजरातनिर्माणं वाञ्छामश्चेत् प्रथमन्तावत् सर्वैः स्वकर्तव्यपालनम् सम्यक्तया कर्तव्यं आपतति। अस्माकं वेदेष्वेव उक्तं यत्- "कुर्वन्नेवेह कर्माणि जिजिविषेच्छतां समाः" इति। संस्कृतशास्त्रेषु भगवान् स्वयमेव स्वकर्तव्यप्राधान्यं पार्थमुद्दिश्य कथयति यत्-

"न मे पार्थाऽस्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥" इति ॥

अस्माकं संस्कृतसाहित्ये सुभाषितवाक्यानि आदर्शनागरिकनिर्माणे उपयुक्तानि भवन्ति। स्वर्णिंगुजरातस्य निर्माणं तदानीमेव भवितुमर्हति यदा गुजरातस्य प्रत्येकनागरिकः आदर्शनागरिकजीवनं यापयति। अस्माकं वेदेष्वेव

उक्तं यत्- "सत्यं वद । धर्मं चर । मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव ।" इति ।

पूर्वं संस्कृतभाषा लोकभाषासीत् । तस्मात् तस्मिन् समये अखण्डभारतस्य छाया दृश्यते । साम्प्रतं स्वर्णिंगुजरातनिर्माणे एकता तु परमावश्यकी ।

अतः अस्माकं राष्ट्रियैकतायाः दृष्ट्या संस्कृतस्य अमूल्यं योगदानम् । संस्कृतं हि "विविधतायामेकता" तथा च "वसुधैव कुटुम्बकम्" इत्यादिभिः सूत्रैः विविधावस्थायामपि मूलभूतैकतायाः परिचयं कारयति । शास्त्रेष्वेव उक्तं यत्- "संघे शक्तिः कलौ युगे" इति । आङ्गलभाषायामपि उक्तं यत्- "where there is unity there is always VICTORY"

स्वर्णिंगुजरातनिर्माणे उत्तमसाहित्यसर्जनमपि आवश्यकम् । अनेकासां साहित्यघटनानां आधारशीला संस्कृतभाषा एव । यतो हि सर्वेऽपि पौराणिकग्रन्थाः संस्कृतभाषायामेव विनिर्मिताः वर्तन्ते। आधुनिकसाहित्यकाराः स्वरचनासु प्रायशः पौराणिकप्रसङ्गानेव वर्णयन्ति । अतः आधुनिकसाहित्यसर्जनस्य मूलं संस्कृतमेव । विश्वप्रसिद्धानि रामायणमहाभारतादि महाकाव्यानि संस्कृतस्यैव योगदानम् । महर्षिणा वेदव्यासेन अष्टादशपुराणानि विनिर्मितानि । तेषां साररूपेण प्रसिद्धं श्लोकमिदम्-

"अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥"

स्वर्णिंराज्यनिर्माणे आदर्शलोकनायकः अपेक्षितः खलु ! यथाद्यतनकाले अस्माकं मोदीमहोदयाः । नाम्ना एव ज्ञायते यत् नराणाम् इन्द्रः इति नरेन्द्रः । अधुना नरेन्द्रस्य शासनं नरेन्द्रशासनमिव भाति । आदर्शलोकनायकनिर्माणाय उत्तमा राजनीतिः आवश्यकी । तर्हि राजनीतिः कीदृशी भवेत् इत्ययं विषयस्तु संस्कृतशास्त्रेष्वेवं दृश्यते यत्-

"आन्वीक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।
विद्याश्चैताश्चतस्रस्तु लोकसंस्थितिहेतवः ॥" इति

कौटिल्यनीतिं तु साम्प्रतं आधुनिका अपि अनुसरन्ति ।

स्वर्णिंगुजरातनिर्माणाय युवकाः महत्त्वपूर्णं स्थानं भजन्ते । स्वर्णिंमगुजरातस्य निर्माणं तदानीमेव भवितुमर्हति यदा युवकानां बौद्धिकविकासो सम्यक्कृतया भविष्यति । यतो हि ज्ञानं विकाससाधनम्, परिशुद्धज्ञानाय ध्रुवास्मृतिः अनिवार्या, ध्रुवास्मृतिस्तु आहारशुद्ध्यधीना । अस्माकं शास्त्रेष्वेव उक्तं यत्- "आहारशुद्धौ सत्त्वशुद्धिः, सत्त्वशुद्धौ ध्रुवास्मृतिः" इति । साम्प्रतं तु सर्वेऽपि जनाः यत्र-कुत्रापि, यस्मिन्-कस्मिन्नपि समये, येन-केनापि येन केन प्रकारेण विनिर्मितं अन्नं सानन्देन भुञ्जते । सा तु अस्माकं संस्कृतिः न, अपि तु विकृतिरेव । अत एव वेदेषु उक्तं यत् "न कलञ्जं भक्षयेत्" इति ।

पुरा अस्माकं देशे मानवानां जीवनं सुन्दरं पवित्रञ्च आसीत् । तत्र कारणं वर्तते यत्- तस्मिन् समये सर्वेऽपि जनाः संस्कृतिं अनुसरन्तः संरक्षन्तश्चासन् । साम्प्रतं सर्वैः स्वर्णिंगुजरातनिर्माणं कल्प्यते चेत् अस्माकं ऋषिपरंपरायाः अनुसरणेन संस्कृतेश्च परिपालनेन स्वर्णिंगुजरातस्य ध्येयानि फलन्त्येव इति नास्त्यत्र शंकावकाशः । अतः "उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत" ।

સમાચાર દર્શન

ઓનલાઈન મહાપૂજા

પવિત્ર અધિક માસ દરમિયાન શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાંનિધ્યમાં હરિજયંતી, બે એકાદશી તથા પૂર્ણિમાના દિવસે ઓનલાઈન મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપૂજાના આયોજનમાં હરિભક્તો ઘરેઘરે પૂર્વતૈયારીઓ સાથે ખૂબ જ ભક્તિભાવ સાથે જોડાયા હતા.

કોરાના વિશ્વમહામારી પ્રસંગે ભગવાન શ્રીહરિને પ્રાર્થના સ્વરૂપે તથા પવિત્ર અધિક મહિનામાં ભજન-ભક્તિના આયોજન સ્વરૂપે આ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોના માર્ગદર્શન પ્રમાણે ભક્તજનોએ વિવિધ સામગ્રીઓ અગાઉથી ઘરે ઘરે તૈયાર રાખી હતી. સમય થતા પૂજ્ય સ્વામીજી સ્વયં મહાપૂજા કરાવતા જતા અને ભક્તજનો લાઈવ નિહાળીને એ પ્રમાણે પૂજન કરતા જતા હતા. ચાર વખત યોજાયેલ મહાપૂજામાં મોટી સંખ્યામાં દેશ વિદેશમાં વસતા સત્સંગી પરિવારો જોડાયા હતા અને ઘરે બેઠા અલભ્ય લાભ લીધો હતો.

ફલકૂટોત્સવ - અમદાવાદ ગુરુકુલ

ગુરુકુલ એટલે સેવા અને ભક્તિની ભૂમિ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે નિવૃત્તિ અને પ્રવૃત્તિનો અનોખો સમન્વય કરીને ગુરુકુલ પરંપરાનું પ્રવર્તન કર્યું છે. વર્ષ દરમિયાન અનેકવિધ આયોજનો થતા રહે છે, જેમાં અનેક મુમુક્ષુઓ તન-મન-ધનથી જોડાઈને પોતાના જીવનને સેવા-ભક્તિના રંગે રંગે છે. પવિત્ર અધિક માસ દરમિયાન પૂજ્ય સ્વામીજીની પ્રેરણા તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીજીનાં માર્ગદર્શન સાથે તારીખ ૧૩ ઓક્ટોબર, કમળા એકાદશીના રોજ વિશાળ પાયે ફલકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું .આ પ્રસંગે ખાસ કાશ્મીરથી ૩૦૦૦ કિલો ઉપરાંત સફરજન મગાવવામાં આવ્યા હતા. ઉપરાંત મોસંબી, સંતરા, પાઈનેપલ, તરબૂચ વગેરે ફળોનો વિશાળ ફલકૂટ ઠાકોરજીને ધરાવાયો હતો. આ અદ્‌ભુત અને અલૌકિક દર્શન કરીને સંતો-ભક્તો ભાવવિભોર થયા હતા.

ભગવાનને ધરાવેલ આ પ્રસાદીના ફળો કોરોના મહામારીમાં પીડાતા દર્દીઓ, દરિદ્રો તેમજ અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ વગેરે સ્થાનોમાં વસતા લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. નાના નાના માણસો સફરજનનો પ્રસાદ મેળવીને ધન્ય થયા હતા.

પ્રથમ પાટોત્સવ, SGVP સવાનાહ

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર, SGVP ગુરુકુલ સવાનાહ ખાતે પ્રથમ વાર્ષિક પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિક માસ દરમિયાન પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી આયોજિત પાટોત્વમાં પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય કૃષ્ણજીવનદાસજી સ્વામી, ઋષિકુમાર અંકિતભાઈ તથા તુષારભાઈ વગેરે કાર્યકર્તાઓએ સાથે મળી ઉત્સાહથી વિવિધ આયોજનો કર્યા હતા.

મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રીસીતારામજી, શ્રીશિવપાર્વતી વગેરે દેવોના પ્રથમ પાટોત્સવ પ્રસંગે વિવિધ ફળો, ઔષધિઓ, તીર્થજળ તથા કેસરજળથી ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ખૂબ વિશાળ પાયે ફલકૂટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ કિલો મોસંબી, ૧૧૧૧ કિલો સફરજન, ૫૦૦ કિલો કેળા, ૧૦૦ કિલો દ્રાક્ષ, ૧૦૦ કિલો તરબૂચ ઉપરાંત સ્ટોબેરી, કીવી, ચેરી વગેરે અનેક પ્રકારનાં ફળોનો ફલકૂટ ઠાકોરજી સમક્ષ ધરાવવામાં આવ્યો હતો.

ત્રિદિવસીય આ આયોજનમાં ભાગવત કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો તથા ઋષિકુમારોએ કથાનું શ્રવણ કરાવ્યું હતું.

કોરોનાના પ્રકોપની શાંતિ માટે અખંડ ધૂન

વિશ્વમાં ચાલી રહેલ કોરાનાનો પ્રકોપ પરમાત્મા શાંત કરે એવા આશયથી અધિક માસની પવિત્રા કમલા એકાદશીના દિવસે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી રાત્રિના ૮ થી ૯, એક કલાકની સામૂહિક ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ, સુરત, મુંબઈ, રાજકોટ, અમરેલી, ફુંકાવાવ, ધારી, ખાંભા, સાવરકુંડલા, ઊના, ખાખરિયા, ઝાલાવાડ વગરે વિસ્તારના સવા બસો ઉપરાંત ગામડાંઓ જોડાયા હતા. કોઈ કોઈ ઉત્સાહી ગામડાંઓમાં ત્રણ કલાકની ધૂન થઈ હતી તો કોઈ ગામડાંઓમાં બાર-બાર કલાકની ધૂન થઈ હની. ઉપરાંત શહેરોમાં નિવાસ કરતા સેંકડો પરિવારો ઘરે રહીને ઓનલાઈન અખંડ ધૂનમાં જોડાયા હતા. વિદેશમાં વસતા ભક્તજનોએ પણ ઓનલાઈન અખંડ ધૂનનો લાભ લીધો હતો. ધૂનની સમાપ્તિ પ્રસંગે જનમંગલ સ્તોત્રથી શ્રીહરિનું ઓનલાઈન પૂજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન પૂજનમાં દેશ-વિદેશના સેંકડો ભક્તો જોડાયા હતા. ધૂનની સમાપ્તિ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, આપણે શ્રીહરિને પ્રાર્થના કરીએ કે તેઓ કૃપા કરીને કોરોનાના પ્રકોપને શાંત કરે, કોવિડ-૧૯ ને લીધે દિવગંત થયેલા આત્માઓને શાંતિ આપે, એમના પરિવારજનોને ધીરજ આપે અને ખાસ કરીને કોવિડ-૧૯ ના કપરાં કાળમાં આગલી હરોળમાં સેવા બજાવી રહેલા કોરોના વોરિયર્સની રક્ષા કરે.

૦૧. મોટા સમઢીયાળા (ઓઢા)
૦૨. રંગપુર
૦૩. સરપદડ
૦૪. ગોતા
૦૫. ડમરાળા
૦૬. અમરાપુર
૦૭. પીપળલગ
૦૮. નાના માંચીયાળા
૦૯ બરવાળા બાવીસી
૧૦. ભાયાવદર
૧૧. લાખાપાદર
૧૨ દહીડા
૧૩. મોટા ઉજળા
૧૪ નાની ફુંકાવાવ
૧૫ મોટી ફુંકાવાવ
૧૬. જંગર
૧૭. હડાળા
૧૮. બાબાપુર
૧૯. બાબરા
૨૦. માવજીંજવા
૨૧. રાણસીકી
૨૨. માયાપાદર
૨૩. સુલતાનપુર
૨૪. મેઘા પીપળિયા
૨૫. તરઘડી
૨૬. ખડાધાર
૨૭. ઢેરડી
૨૮. ખજુરી પીપળિયા
૨૯. કોલડા
૩૦. તોરી
૩૧. રામપુર
૩૨. ખડખડ
૩૩. નાના ભંડારિયા
૩૪. વડેરા
૩૫. સણોસરા
૩૬. જાળિયા
૩૭. મોટા આંકડિયા
૩૮. ઢોલરવા
૩૯. ચૂડા
૪૦. ભૂંડણી
૪૧. વંડા
૪૨. મેડી
૪૩. પિયાવા
૪૪. વાંકિયા
૪૫ તરવડા
૪૬. પીઠવાજાળ
૪૭. સરંભડા
૪૮. બાલાપુર
૪૯. પિઠવડી
૫૦. નેસડી
૫૧. ઘનશ્યામનગર
૫૨. દેતડ
૫૩. જીરા - સીમરણ
૫૪. નાના સાવર
૫૫. રાયડી
૫૬. રૂગનાથપુર
૫૭. અમરેલી
૫૮. ખાંભા
૫૯. ખડાધાર
૬૦. ઉમરિયા
૬૧. પીપળવા
૬૨. સનાળા
૬૩. સરાકડિયા
૬૪. જુના વાઘણિયા
૬૫. સાળવા
૬૬. દ્વારિકા
૬૭. ખળેલ પિપરિયા
૬૮. વાંગધ્રા
૬૯. જામકા
૭૦. સાણા વાંકિયા
૭૧. ત્રાકુડા
૭૨. હનુમાનપુરા
૭૩. નવી કાતર
૭૪. જીવાપર
૭૫. ભાડેર
૭૬. નાગધ્રા
૭૭. વીરપુર
૭૮. હીરાવા
૭૯. બોરડી
૮૦. કાથરોટા
૮૧. મુંડિયા રાવણી
૮૨. પડા
૮૩. નીંગાળા
૮૪. પીછડી - ૨ કલાક
૮૫. લુવારીમોલી
૮૬. નારિયેળી મોલી
૮૭. નાના સમઢિયાળા
૮૮. બારમણ
૮૯. જંગર
૯૦. સરસિયા
૯૧. આંબરડી
૯૨. ગોવિંદપુરા
૯૩. મોહબતપરા
૯૪. કોલડા
૯૫. વડેરા
૯૬. પચપચિયા
૯૭. પાણખાણ
૯૮. મહાદેવપુરા
૯૯. ચંદ્રાસણ
૧૦૦. યશવંતપુરા
૧૦૧. ગોવિંદપુરા
૧૦૨. ખંડેરાવપુરા
૧૦૩. મેડા
૧૦૪. જેસીંગપુરા
૧૦૫. વિનાયકપુરા
૧૦૬. કોલાદ
૧૦૭. સોનવડ
૧૦૮. લક્ષ્મણપુરા
૧૦૯. મનીપુરા
૧૧૦. કરશનપુરા
૧૧૧. કડી
૧૧૨. નરશીપુરા
૧૧૩. રણછોડપુરા
૧૧૪. ખાવડ
૧૧૫. ધરમપુરા
૧૧૬. મહારાજપુરા
૧૧૭. વિસતપુરા
૧૧૮. નારણપુરા
૧૧૯. કમળાપુરા
૧૨૦. પંઢરપુર
૧૨૧. શીવપુરા
૧૨૨. દેવપુરા
૧૨૩. મણીપુરા
૧૨૪. જોશીપુરા
૧૨૫. વિરમગામ
૧૨૬. કાજીપુરા
૧૨૭. થોરી
૧૨૮. સોકલી
૧૨૯. નગાસણ
૧૩૦. હિરાપુરા
૧૩૧. કલ્યાણપુરા
૧૩૨. મહેસાણા
૧૩૩. હિમતનગર
૧૩૪. ઊંઝા
૧૩૫. ગાંધીનગર
૧૩૬. બાવળા
૧૩૭. વિદ્યાનગર
૧૩૮. સનવાવ
૧૩૯. ભરૂચ
૧૪૦. વાપી
૧૪૧. વલસાડ
૧૪૨. દાહણુ
૧૪૩. પનવેલ
૧૪૪. પ્રાબાવડ
૧૪૫. નવસારી
૧૪૬. રીબ
૧૪૭. રાંદ્રિયા
૧૪૮. ખીરસરા
૧૪૯. માખાવડ
૧૫૦. મોટા મહિકા
૧૫૧. મુંગા વાવડી
૧૫૨. ખાંભા
૧૫૩. રાવકી
૧૫૪. આનંદપર
૧૫૫. ખોરાણા
૧૫૬. પીપરડી
૧૫૭. લોધિકા
૧૫૮. કાંગશિયાળી
૧૫૯. ઢોલરા
૧૬૦. વાવડી
૧૬૧. ગુંદાસરા
૧૬૨. નાના વડાલા
૧૬૩. ભૂણાવા
૧૬૪. મવડી
૧૬૫. નગર પીપળિયા
૧૬૬. સડક પીપળિયા
૧૬૭. રામોદ
૧૬૮. સુલતાનપુર
૧૬૯. રીબડા
૧૭૦. પીપરડી
૧૭૧. સમાણા
૧૭૨. ઘનશ્યામ નગર(ધનાળા)
૧૭૩. જુના દેવળિયા
૧૭૪. કૃષ્ણનગર (ધનાળા)
૧૭૫. પ્રતાપગઢ
૧૭૬. નવા દેવળિયા
૧૭૭. વેજલપુર
૧૭૮. ખાખરેચી
૧૭૯. નીલકંઠનગર

(નવા રાયસંગપુર)
૧૮૦. રાયસંગપુર
૧૮૧. હળવદ
૧૮૨. શ્રીજીનગર
૧૮૩. નવા ઘનશ્યામગઢ
૧૮૪. ભક્તિનગર
૧૮૫. સોલડી
૧૮૬. જસમતપુર
૧૮૭. ભરાડા
૧૮૮. મેથાણ
૧૮૯. ભદ્રેશી
૧૯૦. રામગઢ
૧૯૧. જસાપર
૧૯૨. બાવળી
૧૯૩. ભેંચડા
૧૯૪. નારીચાણા
૧૯૫. મોટા અંકેવાળિયા
૧૯૬. નાના અંકેવાળિયા
૧૯૭. ગુજરવદી
૧૯૮. ખોડુ
૧૯૯. અખિયાણા
૨૦૦. સેડલા
૨૦૧. ખેરવા
૨૦૨. ઘણાદ
૨૦૩. સુરેન્દ્રનગર
૨૦૪. મેમકા
૨૦૫. શિયાળી
૨૦૬. બગડ
૨૦૭ બાબરિયા
૨૦૮. પીઠડિયા
૨૦૯. ફાટસર
૨૧૦. ઈંટવાયા
૨૧૧. ખીલાવડ
૨૧૨. નવા ઉગલા
૨૧૩. જૂના ઉગલા
૨૧૪. અંબાડા
૨૧૫. કાંધી
૨૧૬. વાવરડા
૨૧૭. ધોકડવા
૨૧૮. દ્રોણ
૨૧૯. ગીર ગઢડા
૨૨૦. ઊના
૨૨૧. વડવીયાળા
૨૨૨. વડલી
૨૨૩. મોનીસર, ૨૨૪. જામવાળા
૨૨૫. નીતલી, ૨૨૬. બંધારડા
૨૨૭. વાજડી, ૨૨૮. ભાચા
૨૨૯. હરમડિયા, ૨૩૦. જરગલી
૨૩૧. વડોદરા - ભૂતપુર્વ વિદ્યાર્થી ગૃપ
૨૩૨. સુરત - ભૂ.પુ. વિદ્યાર્થી ૮ ગૃપ
૨૩૩. વાપી : ભક્તિ મંડળ - ૫૬૬૧ કલાક

અધિક માસ દરમિયાન યોજાયો સર્વમંગલ સેવાયજ્ઞ

વૈદિક પરંપરામાં અધિક-પુરુષોત્તમ માસનો ખૂબ મહિમા છે. આ મહિનામાં પંરપરાગત ભજન-ભક્તિના અનેકવિધ આયોજનો થતા હોય છે. ભક્તો ભગવાનને રાજી કરવા પોતાની શ્રદ્ધા પ્રમાણે ભજન-ભક્તિ, સેવામાં જોડાય છે. ત્યારે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા-રાજકોટ ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી વિવિધ સેવાના આયોજનો થયાં. તારીખ ૧૮ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર દરમિયાન પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, સંતો તથા સ્વયંસેવકોએ નિત્ય નવાં નવાં સેવાના આયોજન કરી જીવજંતુઓ, ગાયો, પક્ષીઓ, રોગાર્ત મનુષ્યો, દરિદ્રો વગેરેની સેવા કરવાનો અલભ્ય લાભ લીધો. આ આયોજનોમાં દેશ-વિદેશના ભક્તજનોએ ખૂબ જ ઉદારતાથી સહયોગ આપ્યો હતો. એક મહિનો ચાલેલી સેવાની નોંધ આ પ્રમાણે છે.

૧૮ સપ્ટેમ્બર : ૮ થી ૧૦ હજાર રાષ્ટ્રિયપક્ષી મોર તથા અન્ય પક્ષીઓને ચણ.
૧૯ સપ્ટેમ્બર : ૨ ડેમમાં માછલીઓને લોટની ગોળીઓ નાખી.
૨૦ સપ્ટેમ્બર : ૧૭૦૦ નિરાધાર ગાયોને નીરણ.
૨૧ સપ્ટેમ્બર : ૮ ગામમાં કીડીઓને કીડિયારું પૂર્યું.
૨૨ સપ્ટેમ્બર : ૧૨ ગામમાં કૂતરાઓને રામરોટલી આપી.
૨૩ સપ્ટેમ્બર : ખિસકોલીઓ માટે ૧૦૦૦ વૃક્ષો પર મકાઈના ડોડા મૂક્યા.
૨૪ સપ્ટેમ્બર : રસ્તે રઝળતી ૭૦૦ ગાયોને લાપસી આપી.
૨૫ સપ્ટેમ્બર : ૨૩૫ અંધ દિવ્યાંગ લોકોને ભોજન તથા અન્ય સહાય.
૨૬ સપ્ટેમ્બર : ૧૧૦ અપંગ, દિવ્યાંગ લોકોને ભોજન તથા અન્ય સહાયરૂપ ઘોડી વિતરણ
૨૭ સપ્ટેમ્બર : ૭૫ જગ્યાએ પશુ - પક્ષીઓ માટે પાણીની કુંડીનું વિતરણ
૨૮ સપ્ટેમ્બર : ૨૮૫ મંદબુધ્ધિના દિવ્યાંગ લોકોને ભોજન સહાય.
૨૯ સપ્ટેમ્બર : વૃદ્ધાશ્રમમાં તથા અન્યને ૪૦૦ ઉપરાંત નાસ મશીન-ઉકાળા વિતરણ.
૩૦ સપ્ટેમ્બર : ૨૪૦ જેટલા ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારોને બેટરી(લાઈટ) વિતરણ.
૦૧ ઓક્ટોબર : ૧૩૫ પોલીસ કર્મીઓને પ્રોત્સાહનરૂપ પુરસ્કાર.
૦૨ ઓક્ટોબર : સંસ્થાના ૨૭ સેવક કર્મચારીઓને કોરોના હેલ્થ ઈન્સ્યોરન્સ તથા અન્ય સહાય.
૦૩ ઓક્ટોબર : ૨૨૫-આંખનિદાન, ૧૫૭-ચશ્મા વિતરણ.
૦૪ ઓક્ટોબર : વૃક્ષો તથા એકાંત જગ્યાએ ૧૫૦૦ પક્ષીઓના માળા મુક્યા
૦૫ ઓક્ટોબર : ૬૦ મંદિરોમાં આરતી માટે વાટ-અગરબત્તી તથા આસન વિતરણ
૦૬ ઓક્ટોબર : ૮૫૦ ભક્તોને મંત્ર-જાપ મશીન તથા મંત્ર-બુક વિતરણ.
૦૭ ઓક્ટોબર : ૧૬૦ ગરીબ પરિવારના પ્રસૂતા બહેનોને શીરો સુખડીનો પ્રસાદ તથા દવાઓ.
૦૮ ઓક્ટોબર : બીમાર ૧૪૦૦ ગાયો માટે ગોશાળાઓમાં પશુ દવા કીટનું વિતરણ
૦૯ ઓક્ટોબર : ગરીબ પરિવારોની ૧૦૮ તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન સહાય.
૧૦ ઓક્ટોબર : ખેતમજૂરી કરતા ૭૫૦ લોકોને બૂટ-ચંપલ વિતરણ.
૧૧ ઓક્ટોબર : ૧૩૫ વિધવા બહેનોને કૂકર તથા સાડી વિતરણ.
૧૨ ઓક્ટોબર : ૧૦૦ સફાઈ કર્મીઓને કપડાં તથા ભિક્ષુકોને મચ્છરદાની વિતરણ.
૧૩ ઓક્ટોબર : ૪૭૦ એમ્બ્યુલન્સ ડ્રાઈવરો તથા નર્સિંગ સ્ટાફને વોટર બોટલ વિતરણ.
૧૪ ઓક્ટોબર : સંતો-બ્રાહ્મણોને ભોજન તથા વસ્ત્રદાન.
૧૫ ઓક્ટોબર : કારખાનામાં મજૂરીકામ કરતા ૧૭૦ લોકોને ટિફિન બોક્ષ વિતરણ.
૧૬ ઓક્ટોબર : તુલસી, ફુદીનો, અજમો જેવા ૨૦૦૦ ઔષધીય છોડનું વિતરણ.

અક્ષરની વાટે

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને અનોખું વરદાન આપ્યું છે : 'મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું...' આ વરદાન આપીને ભગવાને ભક્તને નિર્ભય કરી દીધા. ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ વરદાન આજે પણ સાર્થક થઈ રહ્યું છે. સ્વામિનારાયણ સંપ્રદાયનો આશ્રિત આ લોકમાં તો સુખી થાય જ છે, પરલોક સિધાવવા સમયે સ્વયં શ્રીહરિ તેડવા પણ પધારે છે અને અક્ષરધામનાં સુખનો ભોક્તા બને છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતોના ઘરે ઘરે અને ગામોગામ આજે પણ કેટલાક એવા પ્રસંગો બનતા હોય છે કે જે બુદ્ધિજીવીઓની બુદ્ધિથી પર હોય છે. શ્રદ્ધા અને ભક્તિથી તરબતર મુમુક્ષુ જીવનો અંતકાળ આવે છે, ત્યારે સ્વયં શ્રીહરિ એ જીવને પોતાની સાથે લઈ જાય છે અને પરિવારના કે અન્ય કેટલાય લોકોને એ સમયની અલૌકિકતાની અનુભૂતિ થતી હોય છે.

આજે વાત કરવી છે તારીખ ૩ ઓક્ટોબર, ૨૦૨૦ની. ગામ અમરેલી જિલ્લાનું દહીંડા. આ ગામ ઉપર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોની કૃપાદૃષ્ટિ વરસી છે. આ ગામમાં ઘણા એકાંતિક ભક્તો થયા છે. આ ગામના ભક્તરાજ જેઠાભાઈ ખોડાભાઈ હપાણી સંતોમાં અપાર હેતવાળા હતા. ઉંમર ૯૬ વર્ષ. ઉંમરને લીધે શરીરમાં થોડી બીમારીઓ રહેતી. બીમારીઓને ગણકાર્યા વિની જેઠાબાપા અખંડ ભજન કર્યે રાખતા. ૩ તારીખની રાત્રિના બારેક વાગ્યાનો સમય હતો. બાપા એમની રૂમમાં આરામ કરી રહ્યા હતા. પૌત્ર કૌશિક બાપાની પાસે સેવામાં હતા. એ સમયે બાપાને તેડવા શ્રીજી મહારાજ પધાર્યા.

જેઠાબાપાના દીકરા હંસરાજભાઈના ધર્મપત્ની સૂતા હતા. એમને મહારાજનાં દર્શન થયાં અને બાપાને તેડી જતા હોય એવું દેખાયું. તેઓ તુરત જ બાપાની રૂમમાં આવ્યા અને કૌશિકને કહ્યું, 'મહારાજ બાપાને તેડવા પધાર્યા છે.' તપાસ કરી તો બાપાના શ્વાસ ધીમા પડી રહ્યા હતા. તુરત જ બધાએ ગંગાજળનું પાન કરાવ્યું અને થોડી જ ક્ષણોમાં બાપાએ દેહ મૂકી દીધો.

મધ્યરાત્રિનો સમય હતો એટલે કોઈને જાણ કરી નહોતી. સવાર પડ્યું, ત્યાં જેઠાબાપાની બે દીકરીઓ વિમળાબહેન જે અમરેલી રહે છે - જયાબહેન જે અમદાવાદ રહે છે, એ બન્નેના ફોન આવ્યા અને કહ્યું કે અમને મહારાજ બાપાને તેડવા પધાર્યા હોય એવા રાત્રે દર્શન થયાં અને બાપાએ 'અમને હું ધામમાં જાઉં છું, બધાને જય સ્વામિનારાયણ' એમ કહ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ પ્રગટપણું છે. શ્રીહરિ આજે પણ સત્સંગમાં પ્રગટ છે અને પોતાના આશ્રિતોને નિર્ભયતા પ્રદાન કરી રહ્યા છે, તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

જેઠાબાપાને સંતોમાં અપાર પ્રીતિ હતી. પૂજ્ય સ્વામીજી સાથે થોડા દિવસ પહેલા જ ફોનમાં વાત કરી હતી અને આશીર્વાદ મેળવ્યા હતા. જેઠાબાપાનો પરિવાર પણ ખૂબ સારો સત્સંગ રાખે છે અને ગુરુકુલ તથા સંતોમાં નિષ્ઠાથી જોડાયેલો છે.

પરિવારના સભ્યો ઝવેરભાઈ, હંસરાજભાઈ, રાજેશ, કેતન, તુષાર, કૌશિક વગેરે સર્વ પરિવાર જનોને શ્રીજી મહારાજ સાંત્વના અર્પે એ જ પ્રાર્થના...

****

સમજુબહેન તથા નરશીભાઈ જીવાભાઈ પડશાળા :

હેમાળ નિવાસી પ.ભ. શ્રી નરસિંહબાપા પડશાળાનો પરિવાર શ્રીજી મહારાજ તથા સદ્‌ગુરુ સંતોનો કૃપાપાત્ર પરિવાર છે. ભજન-ભક્તિ અને સેવા આ પરિવારના લોહીમાં વણાયેલા છે. નરસિંહબાપાના સત્સંગના સંસ્કારો આખા પરિવારમાં ઊતરી આવ્યા છે. નરશીબાપા તથા સમજુબહેન વર્ષોથી નિવૃત્ત થઈ શ્રીહરિનું અખંડ ભજન કરી રહ્યાં હતાં.

થોડા સમય પહેલા નરસિંહબાપા અને એમના ધર્મપત્ની સમજુબહેનને થોડી બીમારી લાગુ પડી. એમના સુપુત્રો ગોરધનભાઈ તથા મુકુંદભાઈ તથા પરિવાર માતા-પિતાની સેવામાં લાગી ગયા. બન્ને પતિ-પત્ની હવે જાણે મહારાજ તેડવા પધારે એની રાહ જ જોઈ રહ્યા હોય એમ ભજન અને કથાવાર્તા સાંભળવામાં વૃત્તિ જોડી દીધી. બીમારી વધતા હોલિસ્ટિક હોસ્પિટલમાં એમને દાખલ કરવામાં આવ્યા. ચાર પાંચ દિવસ હોસ્પિટલમાં રહ્યા અને તારીખ ૭ ઓક્ટોબરના રોજ બપોરે પોણા એકે સમજુબહેન ધામમાં સિધાવ્યા અને બે જ કલાકના અંતરે નરસિંહબાપા ધામમાં સિધાવ્યા. આ સમયે જાણે કે શ્રીજી મહારાજ તેડવા પધાર્યા હોય એવા સંકેતો આપીને બન્ને પતિ-પત્ની મહારાજ સાથે ધામમાં પધાર્યા. આ પરિવારની સેવા અવર્ણનીય છે. વર્ષોથી ગુરુકુલમાં લેન્ડ સ્કેપીંગની સેવા કરી સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો છે. ભગવાન શ્રીહરિ આ પરિવારને ખૂબ સાંત્વના આપે. સુપુત્રો મનજીભાઈ, ગોરધનભાઈ, મુકુંદભાઈ વગેરે સર્વ પરિવાર જનોને ધીરજ અર્પે તથા સત્સંગ-સેવા કરવાનું બળ અર્પે એવી પ્રાર્થના.

શ્રદ્ધાસુમન

અ.નિ. શાસ્ત્રી શ્રી માધવપ્રસાદદાસજી સ્વામીઃ- જૂનાગઢ મંદિર, ઉંમર ૭૦ વર્ષ, ૨૫ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે.

અ.નિ. સદ્‌ગુરુ શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીઃ- જૂનાગઢ મંદિર, ઉંમર ૬૪ વર્ષ, ૨૪ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે.

અ.નિ. શાસ્ત્રી શ્રી દેવપ્રકાશદાસજી સ્વામીઃ- જૂનાગઢ મંદિર, ઉંમર ૬૦ વર્ષ, ૨૭ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે.

અ.નિ. શાસ્ત્રી શ્રી પ્રેમવતીનંદનદાસજી સ્વામીઃ- જૂનાગઢ મંદિર, ઉંમર ૬૮ વર્ષ, ૨૯ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે.

અ.નિ. પુજારી શ્રી જયપ્રકાશદાસજી સ્વામીઃ- મૂળી મંદિર, ૪ ઓક્ટોબરના રોજ અક્ષરવાસી થયા છે.

આ સર્વ સંતોના પવિત્ર આત્માને ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સાંનિધ્યનું અખંડ સુખ આપે તથા એમના મંડળના સંતો-ભક્તોને ધીરજ અર્પે એવી સમસ્ત ગુરુકુલ પરિવાર પ્રાર્થના કરે છે.

અ.નિ. પ.ભ. હરદાસભાઈ શંભુભાઈ સાવલિયા :- ગામ જેતપુર નિવાસી પ.ભ. શ્રી હરદાસભાઈ સાવલિયા ૮૧ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ગુરુકુલ તથા સંતો વિષે અનન્ય નિષ્ઠા ધરાવતા હરદાસભાઈએ SGVP દ્વારા પ્રકાશિત થતા સાહિત્યમાં ખૂબ મોટી સેવા કરી છે. એમના લખાણમાં ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અપાર ભક્તિ અને શ્રદ્ધાનાં દર્શન થાય છે. જેમ સંતોએ કહ્યું એ પ્રમાણે એમની કલમ જીવનના અંતિમ સ્વાસ સુધી ચાલતી રહી. ગુરુકુલના ઈતિહાસમાં હરદાસભાઈની સેવા સુવર્ણ અક્ષરે લખાયેલી રહેશે. એમના દ્વારા લખાયેલા ગ્રંથો નારીરત્નો ભાગ : ૧-૨ તથા સત્સંગની શુભવાર્તા સંપ્રદાયમાં ખૂબ પ્રસિદ્ધ થયેલ છે. આવા ભક્તના અક્ષરવાસથી ગુરુકુલ પરિવારને અનન્ય સેવકની ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ આવા એકાંતિક ભક્તને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો અરવિંદભાઈ, કિરીટભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી સવજીભાઈ લાલજીભાઈ વિઠલાપરા :- અમદાવાદ નિવાસી અને ગુરુકુલના ગૌરવવંતા વિદ્યાર્થી શાંતિપ્રસાદભાઈના પિતાશ્રી સવજીભાઈ ૨૭ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. વર્ષોથી ગુરુકુલમાં ઈલેક્ટ્રીકની સેવા કરી સંતોનો ખૂબ રાજીપો મેળવનારા શાંતિપ્રસાદની નિષ્ઠા અજોડ છે. સવજીબાપા પણ અંતિમ શ્વાસ સુધી ભગવાનનું ભજન કરતા રહ્યા અને ગુરુકુલનાં પ્રાંગણમાં જ શરીર છોડી ભગવાનના ધામમાં સિધાયા. ભગવાન શ્રીહરિ સવજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા શાંતિપ્રસાદ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી અરૂણભાઈ હિરાલાલભાઈ ભગત :- ત્રિવેન્દ્રમ નિવાસી પ.ભ. શ્રી અરૂણભાઈ ભગત તારીખ ૨૪ સપ્ટેમ્બરના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. અરૂણભાઈ તથા એમનો પરિવાર ભગવાન શ્રીહરિ તથા સંતોમાં અપાર હેત ધરાવે છે. એમનું ઘર સંતોનો ઉતારો છે. સદ્‌ગુરુ સંતોનો રાજીપો મેળવી આ પરિવાર ખૂબ ભાગ્યશાળી થયો છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના વખતથી આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે. અરૂણભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાના સાંનિધ્યનું અચળ સુખ અર્પે તથા સુપુત્રો ભાવેશભાઈ, દિપેશભાઈ વગેરે સર્વ પરિવારને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ. ભ. શ્રી ચતુરભાઈ બેચરભાઈ કગથરા :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલ સાથે ખૂબ અનન્યભાવથી જોડાયેલા પરિવારના વડીલ ચતુરભાઈ કગથરા ૨ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન તથા સંતોમાં અતિ આત્મબુદ્ધિ ધરાવતા ચતુરભાઈનું જીવન ભજનપરાયણ હતું. ભગવાન શ્રીહરિ ચતુરભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો મનસુખભાઈ, શાંતિલાલ, નરભેરામભાઈ, છોટાલાલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી જગજીવનભાઈ મોહનભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી તથા ગુરુકુલના ખૂબ જ સન્નિષ્ઠ સેવક કૃષ્ણકાંતભાઈના પિતાશ્રી જગજીવનભાઈ ૧૬ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. જગજીવનભાઈના એક પુત્ર અમદાવાદ દેશમાં સાધુ થઈ નરનારાયણ દેવની સેવા કરી રહ્યા છે. બીજા પુત્ર કૃષ્ણકાંતભાઈ તથા પૌત્ર કૃણાલ ગુરુકુલની સેવામાં જોડાયેલા છે. સમગ્ર પરિવાર ભગવાન શ્રીહરિ અને સંતોમાં હેત વાળો છે. ભગવાન શ્રીહરિ જગજીવનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી મનસુખભાઈ દલસુખભાઈ ઝીંઝુવાડિયા :- ગામ ચૂડા હાલ અમદાવાદ-ગોતા નિવાસી શ્રી મનસુખભાઈ ઝીંઝુવાડિયા ૨ ઓક્ટોબરના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. મનસુખભાઈનો પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે અને ખૂબ સારી સેવા કરી રહ્યો છે. ગોતામાં ચાલી રહેલા સત્સંગ મંડળના સંચાલનમાં આ પરિવારનો ખૂબ સારો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. ભગવાન શ્રીહરિ મનસુખભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર નૈનેષભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હિતેશભાઈ મહીપતલાલ જોશી :- ગામ ઉપલેટા નિવાસી તથા ઋષિકુમાર ઊર્મિલના પિતાશ્રી હિતેશભાઈ જોશી ૨૭ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ હિતેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ઊર્મિલ, જયંતીભાઈ પ્રદીપભાઈ, મેહુલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધર્મિષ્ઠાબેન ભગવતપ્રસાદ ભટ્ટ :-વડોદરા નિવાસી ધર્મિષ્ઠાબેન ભટ્ટ ૨૧ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંતો-સંસ્થા સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ધર્મિષ્ઠાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ભગવતપ્રસાદભાઈ, સુપુત્રો યોગેન્દ્રભાઈ, સમિક, હિતેશ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કાંતાબેન નવિનચંદ્ર પટેલ :- વડનગર નિવાસી તથા ગુરુકુલના સેવક પરિવારના માતુશ્રી કાંતાબેન શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કાંતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ગીરીશભાઈ, અજયભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હંસાબેન છગનભાઈ કિડેચા :- રાજકોટ ગુરુકુલ શાળામાં વર્ષોથી સેવા આપતા ભક્તરાજ શ્રી છગનભાઈ કિડેચાના ધર્મપત્નિ હંસાબેન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ હંસાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા છગનભાઈ, સુપુત્ર હરિકૃષ્ણભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સંતોકબેન ભીખાભાઈ પડશાળા :- ગામ દ્રોણ નિવાસી ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના માતુશ્રી સંતોકબેન ૧૦૮ વર્ષથી પણ વધારે ઉંમરે તારીખ ૩૦ ઓગષ્ટના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, જોગી સ્વામી તથા વર્તમાન સંતોનાં દર્શન-સેવા કરીને સંતોકબાએ પોતાનું જીવન ધન્ય બનાવ્યું હતું. બાએ આપેલા સંસ્કારો આજે આખા પરિવાર દ્વારા સચવાયા છે. પરિવારના દરેક સભ્યો ગુરુકુલ સાથે ખૂબ નિષ્ઠાથી જોડાયેલા છે. ભગવાન શ્રીહરિ સંતોકબાના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પરિવારના તમામ સભ્યોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

અ.નિ. શ્રી જીવરાજભાઈ શિવાભાઈ વરમોરા
હ. પરસોતમભાઈ વરમોરા, અમદાવાદ
પ.ભ. શ્રી જગરભાઈ જયેન્દ્રભાઈ ભલસોડ, રાણાકંડોરણા
અ.નિ. શ્રી ખીમજીભાઈ નારણભાઈ પટેલ
હ. શ્રી વિનોદભાઈ, ઈન્દોર
પ.ભ. શ્રી. બાબુભાઈ લક્ષ્મણભાઈ ઠુંમર, સુરત
પ.ભ. શ્રી.વિશાલ હરિકૃષ્ણભાઈ પટેલ, કિચનર-કેનેડા
શ્રીમતી અંજનાબેન કરશનભાઈ કાછડીયા
હ. અભયભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ કેરાઈ, લંડન
પ.ભ. શ્રી અમૃતભાઈ અજુડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી પરષોતમભાઈ નાનજીભાઈ બોડા, રાજકોટ
પ.ભ. શ્રી જગદિશભાઈ બાબુભાઈ સખિયા, રાજકોટ
પ.ભ. શ્રી કરશનભાઈ રાઘવાણી, શીશલ્સ
પ.ભ. શ્રી કુમારભાઈ સોમૈયા, ઓમાન

આગામી આયોજન

તા. ૧૧/૧૧/૨૦, બુધવાર : **રમા એકાદશી**
તા. ૧૫/૧૧/૨૦, રવિવાર : **અન્નકૂટ ઉત્સવ**
તા. ૧૬/૧૧/૨૦, સોમવાર : **નૂતન વર્ષ પ્રારંભ**
તા. ૨૩/૧૧/૨૦, સોમવાર : **શ્રીહરી જયંતી**
તા. ૨૬/૧૧/૨૦, ગુરુવાર : **પ્રબોધિની એકાદશી**
તા. ૩૦/૧૧/૨૦, સોમવાર : **પુનમ, દેવ દિવાળી**

અધિક માસ દરમિયાન ઓનલાઈન
મહાપૂજા કરાવતા પૂજ્ય સ્વામીજી, દ્રોણેશ્વર ગુરુકુલ

અધિક માસ દરમિયાન દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે
ગૌપૂજન કરતા પૂજ્ય સ્વામીજી તથા સંતો

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે વૃક્ષારોપણ કરતા
પૂજ્ય સ્વામીજી તથા સંતો

નૂતન નિર્માણાધીન મહિલા સંસ્કાર કેન્દ્રનું
નિરીક્ષણ કરતાં પૂજ્ય સ્વામીજી, ઈંટવાયા

અધિક માસ દરમિયાન રાજકોટ-રીબડા ગુરુકુલ ખાતે યોજાયેલ સર્વમંગલ સેવાયજ્ઞમાં ગાયોને નિરણ, દિવ્યાંગોને વિવિધ સહાય, પશુ-પક્ષીઓને ભોજન તથા પાણી પીવા માટેના કૂંડા, હોસ્પિટલમાં દર્દીઓને વિવિધ સહાય જેવા અનેક આયોજનો થયા હતા.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

અધિક માસ દરમિયાન અમદાવાદ ગુરુકુલ ખાતે શ્રીઘનશ્યામ મહારાજને ૩૦૦૦ કીલો સકરજ ઉપરાંત વિવિધ ફળોનો ફલકૂટ ધરાવાયો હતો. આ પ્રસાદ હોસ્પિટલમાં દર્દીઓ, દરીદ્રો તેમજ વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમમાં વહેંચવામાં આવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર, સવાનાહ ગુરુકુલ ખાતે યોજાયેલ પ્રથમ પાટોત્સવ પ્રસંગે વિશાળ ફલકૂટ તથા અભિષેકનાં દર્શન

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-